# કાશ્મીરમાં 6 દિવસના ઓપરેશન બાદ લશ્કરનો આતંકી ઝાકિર ગનાઈ ઠાર

**હથિયારો,** દારૂગોળો અને અન્ય યુદ્ધ સામગ્રી જપ્ત કરાઈ

**ઘાયલ** થયા બાદ બગીચાના છાપરામાં છુપાયો હતો

શ્રીનગર, તા. ૮ (PTI): જમ્મુ અને કાશ્મીર પોલીસની ગુપ્ત માહિતીના આધારે આર્મી અને અન્ય સુરક્ષા દળો દ્વારા શરૂ કરવામાં આવેલા સતત છ દિવસના ઓપરેશન બાદ દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લામાં લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના એક આતંકવાદી, જેની ઓળખ ઝાકિર ગનાઈ તરીકે થઈ છે, તેને ઠાર કરવામાં આવ્યો છે. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

એક્સ પર એક પોસ્ટમાં આર્મીના ચિનાર કોર્પ્સે જણાવ્યું હતું કે, ચનાપોરામાં આર્મી, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સીઆરપીએફ દ્વારા ચલાવવામાં આવી રહેલા સંયુક્ત સર્ચ ઓપરેશન દરમિયાન એક એલઈટી આતંકવાદી, જેની ઓળખ ઝાકિર ગનાઈ તરીકે થઈ છે, તેને ગોળીબારમાં ઠાર કરવામાં આવ્યો છે."

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "હથિયારો, દારૂગોળો અને અન્ય યુદ્ધ સામગ્રી જપ્ત કરવામાં આવી છે."

વિગતો આપતાં અધિકારીઓએ જણાવ્યું કે ૩ જુલાઈથી બે વખત સામસામે ગોળીબાર થયો હતો અને 26 વર્ષીય ગનાઈ, જે કેટેગરી 'સી'નો આતંકવાદી હતો, તે પહેલા ઘાયલ થયો હતો.

આ આતંકવાદી નજીકના કુલગામ જિલ્લાના મોતલહામાનો રહેવાસી હતો અને ૨૦૨૩થી સક્રિય હતો.

તેના શરીર પર ડાબા ફેફસામાં અને પગ પર ગોળી વાગવાના નિશાન હતા અને તે ઘાયલ થયો હતો અને ઢસડાઈને બગીચામાં આવેલા એક છાપરા સુધી પહોંચ્યો હતો.

ગનાઈ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ શટરિંગનું કામ કરવા માટે તેના ઘરેથી દિયાલગામ જવા નીકળ્યો હતો, પરંતુ ઘરે પાછો ફર્યો ન હતો. તેના પરિવારના સભ્યો તેને શોધી ન શક્યા બાદ, ૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ કુલગામ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ગનાઈ ત્યાર બાદ એલઈટીના ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ) આતંકવાદી સંગઠનમાં જોડાયો હતો.



# મમતાએ ઘરની બહાર 3 લોકોને થપ્પડ મારી

કોલકાતા, તા. 8 : પશ્ચિમ બંગાળના કોલકાતામાં બુધવારે ટીએમસીની રેલીમાં હંગામો થયો હતો. આ દરમિયાન મમતા બેનર્જી નારાજ થઈ ગયાં હતાં. તેઓ પોતાની જ પાર્ટીના ત્રણ કાર્યકર્તાઓને થપ્પડ મારતાં નજરે પડ્યાં હતાં. હકીકતમાં રેલી બારુઈપુરમાં 11 વર્ષની બાળકી સાથે રેપ-મર્ડરના વિરોધમાં કાઢવામાં આવી રહી હતી. આ દરમિયાન ''ચોર-ચોર''ના નારા લાગવા લાગ્યા અને કેટલાક લોકોએ રેલીમાં સામેલ લોકો પર ઈંડાં ફેંકવાનું શરૂ કરી દીધું હતું. ટીએમસીએ આરોપ લગાવ્યો હતો કે, હંગામો ભાજપ કાર્યકર્તાઓએ કર્યો હતો. આ દરમિયાન મારામારી પણ થઈ હતી. મમતાએ કહ્યું હતું કે, બંગાળમાં અરાજકતા ફેલાઈ ગઈ છે. પોલીસ ભાજપ કાર્યકર્તાઓની જેમ કામ કરી રહી છે. ટીએમસીએ હાઈકોર્ટ પાસે બારુઈપુરમાં 11 વર્ષની બાળકી સાથે રેપ-મર્ડરના વિરોધમાં રેલી કાઢવાની પરમિશન માંગી હતી. હાઈકોર્ટ તરફથી પરમિશન મળ્યા બાદ ટીએમસી રેલી કાઢી રહી હતી. આ દરમિયાન કેટલીક જગ્યાએ બીજેપી અને ટીએમસી કાર્યકર્તાઓમાં ઝપાઝપી થઈ હતી, જેના પછી પોલીસે પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કર્યો હતો. આનાથી દક્ષિણ કોલકાતામાં તણાવ અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

# બંગાળમાં માસૂમ બાળકીના બળાત્કારીનું પોલીસ એન્કાઉન્ટર

**પશ્ચિમ** બંગાળની નવી સરકારમાં પ્રથમ મોટી પોલીસ કાર્યવાહી

**પુત્રના** પાપોની સજા મળી હોવાનું કહી માતાએ મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કર્યો

કોલકાતા, તા. 8 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળના બારુઈપુરમાં 11 વર્ષની બાળકી પર બળાત્કાર અને હત્યાના કેસના મુખ્ય આરોપી પ્રભાસ મંડલનું બુધવારે વહેલી સવારે પોલીસ એન્કાઉન્ટરમાં મોત થયું છે. મે મહિનામાં ભાજપ સરકાર સત્તામાં આવ્યા પછી આ પ્રકારની પ્રથમ પોલીસ કાર્યવાહી છે.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ઘટનાનું પુનરાવર્તન (ક્રાઈમ સીન રિકન્સ્ટ્રક્શન)ની પ્રક્રિયા દરમિયાન આરોપીએ એક પોલીસકર્મી પાસેથી હથિયાર ઝૂંટવી લીધું હતું અને કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. તેણે પોલીસ ટીમ પર એક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું, જેના જવાબમાં પોલીસે આત્મરક્ષણ માટે વળતો ગોળીબાર કર્યો હતો. ઈજાગ્રસ્ત મંડલને હોસ્પિટલ લઈ જવામાં આવતા ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, પ્રભાસ મંડલ માસૂમ બાળકીને તેના હુમલાખોરો પાસે લઈ ગયો હતો, જે માટે તેને 10,000 રૂપિયા આપવાનું વચન અપાયું હતું.

એન્કાઉન્ટર બાદ પ્રભાસની પોતાની માતા સંધ્યા મંડલે તેનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો અને જણાવ્યું હતું કે તેને તેના પાપોની સજા મળી ગઈ છે. આ કેસમાં પોલીસે બસીરહાટથી અન્ય એક ફરાર આરોપી કબીર મોલ્લાની પણ ધરપકડ કરી છે, જેનાથી આ કેસમાં કુલ ધરપકડની સંખ્યા 4 થઈ ગઈ છે. અગાઉ આનંદ સરદાર અને દિબાકર સરદારની ધરપકડ કરવામાં આવી હતી.

આ બાળકી 4 જુલાઈના રોજ ગુમ થઈ હતી અને બીજા જ દિવસે તેનો મૃતદેહ ગુણીમાંથી મળી આવ્યો હતો. પ્રારંભિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ, બાળકી પર ગંભીર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો અને માથા પર ભારે વસ્તુ મારીને તેને જીવતી પાણીમાં ફેંકી દેવામાં આવી હતી. આ ઘટનાને કારણે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો, જેમાં વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ વાહનોની તોડફોડ પણ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ મંગળવારે બારુઈપુરની મુલાકાત લીધી હતી અને આવી ઘટનાઓ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવતા 72 કલાકમાં અહેવાલ રજૂ કરવા ડીજીપીને આદેશ આપ્યો હતો. ભોગ બનનારના પરિવારે મુખ્યમંત્રી અને પોલીસની ન્યાયિક કામગીરી પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# ઉઠ-બેસની સજામાં 7 વિદ્યાર્થિનીઓ ચક્કર ખાઈને ઢળી પડી!

**જિલ્લા** શિક્ષણ અધિકારીએ શાળાના આચાર્ય પાસે ખુલાસો માંગ્યો

ખગડિયા, તા. 8 (PTI) : બિહારના ખગડિયા જિલ્લામાં એક શિક્ષક દ્વારા આપવામાં આવેલી સજાના કારણે શાળાની સાત વિદ્યાર્થિનીઓ બેહોશ થઈ ગઈ હોવાનું અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

આ ઘટના મંગળવારે જિલ્લાના માનસી નગર પંચાયત હેઠળની એકનિયા મિડલ સ્કૂલમાં બની હતી. અધિકારીઓએ જણાવ્યું કે, હોમવર્ક ન કરવા બદલ ધોરણ 6ના કેટલાક વિદ્યાર્થીઓને એક શિક્ષકે કથિત રીતે ઉઠક-બેઠક કરાવી હતી, જે દરમિયાન સાત વિદ્યાર્થિનીઓ બેહોશ થઈને જમીન પર ઢળી પડી હતી.

તમામ વિદ્યાર્થિનીઓને પ્રાથમિક સારવાર માટે માનસી કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (સીએચસી)માં લઈ જવામાં આવી હતી, જ્યાં તેમની સ્થિતિ સ્થિર થયા બાદ તેમને રજા આપવામાં આવી હતી.

આ ઘટના બાદ વાલીઓ અને ગ્રામજનો શાળાના પ્રાંગણમાં એકઠા થયા હતા અને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો, પરંતુ અધિકારીઓએ તેમને શાંત પાડ્યા હતા.

જિલ્લા શિક્ષણ અધિકારી અમરેન્દ્ર કુમાર ગોંડે જણાવ્યું હતું કે, "બાળકો સાથે આવો વ્યવહાર ન કરવો જોઈતો હતો. શાળાના એક શિક્ષકે મનસ્વી રીતે કામ કર્યું છે. તેમની અને આચાર્ય પાસે ખુલાસો માંગવામાં આવ્યો છે. જો તેમના જવાબો સંતોષકારક નહીં હોય, તો સસ્પેન્શનની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે."

## પેજ 3

## આમિરના લગ્ન: 40 હીરા અને દુર્લભ માણેકથી મઢેલી ખાસ રિંગ

**રત્ન** શોધવામાં 3 મહિના અને બનાવવામાં 256 કલાક લાગ્યા



મુંબઈ, તા. ૮: બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાન મુંબઈના બાંદ્રામાં પાલી હિલ સ્થિત પોતાના નિવાસસ્થાને ૬ જુલાઈએ એક આત્મીય સમારોહમાં પોતાની લોન્ગ-ટાઇમ પાર્ટનર ગૌરી સ્પ્રેટ સાથે સત્તાવાર રીતે લગ્નગ્રંથિથી જોડાઈ ગયો છે. આ લગ્નની સૌથી મોટી હાઇલાઇટ્સમાંની એક આમિરે ગૌરીને ભેટમાં આપેલી અદભુત રિંગ હતી. 'ક્વીન' દ્વારા ડિઝાઇન કરાયેલી આ રિંગની મધ્યમાં માડાગાસ્કરથી મેળવવામાં આવેલો અત્યંત દુર્લભ કેબોચોન-કટ નેચરલ રૂબી (માણેક) જડવામાં આવ્યો છે. આ કિંમતી રત્ન સોન્યાના કોરોનેટ (મુકુટ) જેવા માળખા પર બેસાડવામાં આવ્યો છે, જે ૪૦ અસલી હીરાઓથી સુશોભિત છે. આ રૂબી શોધવામાં 3 મહિના લાગ્યા હતા અને તેને ઘડવામાં 256 કલાક લાગ્યા હતા.

## અંશુલા કપૂર અને રોહન ઠક્કરના રિસેપ્શનમાં બોલિવૂડનો જમાવડો



મુંબઈ, તા. 8 બોની કપૂરની દીકરી અને અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂરે 6 જુલાઈએ બોયફ્રેન્ડ રોહન ઠક્કર સાથે લગ્ન કર્યાં છે. ટ્રેડિશનલ રીતિ-રિવાજોથી થયેલાં લગ્ન બાદ કપલે મંગળવારે રિસેપ્શન આપ્યું હતું, જેમાં બંને પરિવારોની સાથે-સાથે બોલિવૂડની તમામ મોટી હસ્તીઓ સામેલ થઈ છે. આ દરમિયાન રણવીર સિંહ અને અર્જુન કપૂર પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. તેમણે પોતાની ફિલ્મ 'ગુંડે'ના આઇકોનિક સોન્ગ 'દિલ મેં બજી ઘંટી યાર' પર જોરદાર ડાન્સ કર્યો હતો. અંશુલા-રોહનના રિસેપ્શનમાં મહેમાનો માટે એક ફોટોબૂથ તૈયાર કરવામાં આવ્યું હતું. તસવીરો ક્લિક કરાવવા આવતી વખતે બોબી દેઓલ ઊંચાઈ સમજી ન શક્યો અને લથડી ગયો હતો. આ પછી તે બેલેન્સ સંભાળીને હસતા જોવા મળ્યો હતો.

## પ્રભાસની ફિલ્મનું શૂટિંગ કરતી વખતે પીઢ અભિનેતા રાજેશ શર્માને જીવડું કરડ્યું, હોસ્પિટલમાં દાખલ!



કોલકાતા, તા. : 'ખોસલા કા ઘોસલા', 'ઇશ્કિયા', 'સ્પેશિયલ ૨૬', 'એમ.એસ. ધોની: ધ અનટોલ્ડ સ્ટોરી' અને અન્ય ઘણી ફિલ્મોમાં પોતાના અભિનય માટે જાણીતા રાજેશ શર્માને પ્રભાસની આગામી ફિલ્મનું શૂટિંગ કરતી વખતે જીવડું કરડવાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. કેરેક્ટર રોલ માટે વ્યાપકપણે જાણીતા આ પીઢ અભિનેતા હાલમાં પશ્ચિમ બંગાળના ઢાકુરિયાની એક હોસ્પિટલમાં દેખરેખ હેઠળ છે. અભિનેત્રી સુદીપા ચેટર્જીએ ઇન્સ્ટાગ્રામ પર એક નિવેદન દ્વારા શર્માના પરિવાર વતી તેમની તબિયત અંગેની અપડેટ શેર કરી હતી. આ નિવેદનમાં ઘટનાક્રમની વિગત આપતા કહેવામાં આવ્યું છે કે, "જાણીતા અભિનેતા પ્રભાસ અભિનિત એક ફિલ્મના રામોજી ફિલ્મ સિટી ખાતે શૂટિંગ દરમિયાન અભિનેતા રાજેશ શર્માને કથિત રીતે કોઈ જીવડું કરડ્યું હતું.''

## સૌરવ ગાંગુલીએ 'દાદા' પોસ્ટરને મંજૂરી આપી



ચેન્નાઈ, તા. 8: ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ 'દાદા - ધ સૌરવ ગાંગુલી સ્ટોરી'ના ફર્સ્ટ-લુક પોસ્ટરના વખાણ કરતાં કહ્યું હતું કે, તે જોઈને તેમને ૨૦૦૨ની નેટવેસ્ટ ફાઇનલ અને લોર્ડ્સની બાલ્કનીની યાદો પાછી આવી ગઈ. તેમની આ પ્રતિક્રિયા એવા સમયે આવી છે જ્યારે રાજકુમાર રાવ અભિનિત આ ફિલ્મના ફર્સ્ટ લુકને રિલીઝ થયા બાદ સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે તો ત્યાં સુધી કહ્યું કે, આ અભિનેતા આ રોલ માટે યોગ્ય નથી લાગતો. આ પોસ્ટર ગાંગુલીના જન્મદિવસ પર લોન્ચ કરવામાં આવ્યું હતું, જેમાં મેકર્સે એવી જાહેરાત પણ કરી હતી કે, આ બાયોપિક ૧૪ મે, ૨૦૨૭ના રોજ લંબાયેલા રજાના વીકએન્ડ પર સિનેમાઘરોમાં રિલીઝ થશે.

## મનીષ પોલના માતાનું 76 વર્ષની વયે નિધન



નવી દિલ્હી, તા. 8: ટેલિવિઝન હોસ્ટ અને એક્ટર મનીષ પોલના માતા ઉર્મિલ પોલનું બુધવારે નવી દિલ્હીમાં નિધન થયું છે. તેઓ 76 વર્ષના હતા. મનીષ પોલની ટીમે એક સત્તાવાર નિવેદન જાહેર કરીને આ દુઃખદ સમાચારની પુષ્ટિ કરી છે. નિવેદનમાં પ્રશંસકોને દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવાની અપીલ કરવામાં આવી છે. જોકે, પરિવાર તરફથી હજી સુધી તેમના મૃત્યુના કારણોનો ખુલાસો કરવામાં આવ્યો નથી. મનીષ પોતાના માતાની ખૂબ જ નજીક હતા અને અવારનવાર સોશિયલ મીડિયા પર તેમની સાથે તસવીરો શેર કરતા રહેતા હતા. મનીષ પોલની ટીમે નિવેદન જાહેર કરીને જણાવ્યું કે, એક્ટરના માતાનું દિલ્હીમાં અવસાન થયું છે.

# NCERTનું મોટું ઓપરેશન: ધોરણ 8ના પુસ્તકમાંથી હિટલર ગાયબ, સાવરકરની એન્ટ્રી!

**સુપ્રીમ** કોર્ટના આદેશ બાદ ન્યાયતંત્ર સંબંધિત વિવાદાસ્પદ ભાગો દૂર કરાયા

**ભાગલા** વખતે કોંગ્રેસ 'અસહાય' હોવાનું વાક્ય પણ હટાવી દેવાયું

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): ન્યાયતંત્રની કથિત બદનામી કરવાના વિવાદ બાદ NCERT દ્વારા ધોરણ 8ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારેલા પુસ્તકમાં સન 1947ના ભાગલા અંગે કોંગ્રેસના વલણમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં જણાવાયું છે કે ભાગલાને એકમાત્ર વિકલ્પ તરીકે સ્વીકારવો એ હજુ પણ ચર્ચાનો વિષય છે.

આ ઉપરાંત, નવા પાઠ્યપુસ્તકમાં વી. ડી. સાવરકરની સ્વરાજની માગનો સમાવેશ કરાયો છે, જ્યારે એડોલ્ફ હિટલર અને નાઝી વિચારધારાના સંદર્ભો હટાવી દેવામાં આવ્યા છે.

ફેબ્રુઆરી મહિનામાં ન્યાયતંત્ર અંગેના વિવાદ બાદ સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરીને આ પુસ્તકના પ્રકાશન અને ડિજિટલ વિતરણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો હતો, જેના પગલે એનસીઈઆરટીએ માફી માગી હતી. હવે સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર શિક્ષણ મંત્રાલય દ્વારા ગઠિત નિષ્ણાત સમિતિએ પ્રકરણ 4 'ધ રોલ ઓફ ધ જ્યુડિશિયરી ઇન સોસાયટી'ને ફરીથી લખ્યું છે. અગાઉના પુસ્તકમાંથી ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર, કોર્ટોમાં કેસોના ભરાવા અને બે મોટા કોર્ટ ચુકાદાઓ સંબંધિત વિવાદાસ્પદ ભાગો હટાવીને તેના સ્થાને ન્યાયતંત્રની સકારાત્મક કામગીરી અને સુધારાઓને દર્શાવતી તદ્દન નવી સામગ્રી ઉમેરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે જાહેર હિતની અરજી (PIL), ટ્રિબ્યુનલ અને કોર્ટની બહાર વિવાદોના ઉકેલ માટેની વૈકલ્પિક વિવાદ નિવારણ પદ્ધતિઓ કેવી રીતે કામ કરે છે તેવી નવી બાબતો ઉમેરવામાં આવી છે.

ઇતિહાસના પ્રકરણમાં અગાઉ એવું લખાયું હતું કે ભાગલા વખતે જ્યારે દેશમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા ત્યારે કોંગ્રેસના નેતાઓ અસહાય હતા. હવે સુધારેલા નવા પાઠ્યપુસ્તકમાં આ તમામ વાક્યો અને 'અસહાય' શબ્દ સંપૂર્ણપણે હટાવી દેવામાં આવ્યા છે. તેના સ્થાને એવું લખવામાં આવ્યું છે કે, આ ભાગલાનો ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા પણ વ્યાપક વિરોધ કરવામાં આવ્યો હતો, અને તે સમયે ભાગલાને સ્વીકારવો એ જ આગળ વધવાનો એકમાત્ર રસ્તો હતો કે નહીં, તે હજુ પણ ચર્ચાનો વિષય છે.

નેતાજી સુભાષચંદ્ર બોઝના સંદર્ભમાં અગાઉ હિટલરની મદદ અને તેની નાઝી વિચારધારાનો ઉલ્લેખ હતો, તેના સ્થાને હવે માત્ર એટલું જ લખાયું છે કે બોઝે 'બ્રિટિશ વિરોધી દળો' પાસેથી મદદ માગી હતી.

આ સુધારા પ્રક્રિયા બાદ પાઠ્યપુસ્તકની નિર્માણ ટીમમાંથી ત્રણ સભ્યોના નામ પણ હટાવી દેવામાં આવ્યા છે, અને સભ્યોની સંખ્યા 51થી ઘટીને 48 થઈ ગઈ છે.




# ટ્રેનના ફર્સ્ટ એસીમાં જ સુહાગરાતની તૈયારી!

**'હનીમૂન** ઓન વ્હીલ્સ': ફર્સ્ટ એસી કેબિનનો રોમેન્ટિક વીડિયો વાયરલ!

**ફૂલો** અને ફુગ્ગાથી સજેલી કેબિન જોઈને લોકો આશ્ચર્યચકિત થયા, સોશિયલ મીડિયા પર વખાણ સાથે સુરક્ષા અંગે પણ ઉઠ્યા સવાલ

નવી દિલ્હી, તા. 8: આ ટ્રેનના ફર્સ્ટ એસી કોચના કેબિનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. વીડિયોમાં એક પ્રાઈવેટ ફર્સ્ટ એસી કૂપને નવદંપતી માટે વૈભવી અને રોમેન્ટિક રીતે શણગારવામાં આવ્યું છે. સામાન્ય દેખાતા ટ્રેનના આ કમ્પાર્ટમેન્ટને ફુલ-છોડ, ફુગ્ગા અને ગુલાબની પાંખડીઓથી સજાવીને સંપૂર્ણ નવો લુક આપવામાં આવ્યો છે. દેખીતી રીતે આ કોચને નવદંપતિના હનીમૂન માટે શણગારવામાં આવ્યો છે.

આ કેબિનની છત પર લાલ અને ગુલાબી ફુગ્ગા, દીવાલો પર ફૂલોની સજાવટ અને હૃદય આકારના પડદા લગાવવામાં આવ્યા છે. બર્થ પર ગુલાબની પાંખડીઓથી હાર્ટ શેપ બનાવવામાં આવ્યો છે અને સાથે 'લવ યુ' નું સાઈનબોર્ડ પણ મૂકવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા યુઝર્સ આ દ્રશ્યને 'હનીમૂન ઓન વ્હીલ્સ' કહી રહ્યા છે અને તેની સરખામણી બોલિવૂડ ફિલ્મોના દ્રશ્યો સાથે કરી રહ્યા છે.

જો કે, આ વીડિયો પર લોકોની મિશ્ર પ્રતિક્રિયાઓ આવી રહી છે. કેટલાક લોકોએ આ સુંદર પ્રયાસના વખાણ કર્યા છે, તો બીજી તરફ કેટલાક યુઝર્સે ટ્રેનની અંદર મીણબત્તીઓના ઉપયોગ સામે સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે. કેટલાક લોકોએ એવો પણ સવાલ ઉઠાવ્યો છે કે રેલવે કોચમાં આવી સજાવટની મંજૂરી છે કે નહીં.

# મોદીના કાર્યક્રમમાં ઓસ્ટ્રેલિયાનું ઈમિગ્રેશન વિરોધી જૂથ વિરોધ પ્રદર્શન કરશે

નવી દિલ્હી, તા. ૮ : અહેવાલો અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઓસ્ટ્રેલિયા મુલાકાત દરમિયાન તેમનું ભવ્ય સ્વાગત થવા જઈ રહ્યું છે, પરંતુ એક ઈમિગ્રેશન વિરોધી જૂથ પણ ગુરુવારે માર્વેલ સ્ટેડિયમની બહાર તેમના 'મેલબોર્ન મીટ્સ મોદી' કાર્યક્રમ દરમિયાન વિરોધ પ્રદર્શનનું આયોજન કરી રહ્યું છે. ઓસ્ટ્રેલિયામાં એક સમૃદ્ધ ભારતીય સમુદાય છે અને ભારતીય મૂળના લોકો હવે દેશની વસ્તીના ૫% કરતાં વધુ હિસ્સો ધરાવે છે.

મોદી તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ એન્થોની અલ્બેનીઝ સાથે વ્યૂહાત્મક અને આર્થિક સહયોગ વધારવા અંગે મંત્રણા કરવાના છે. બંને નેતાઓ ઓસ્ટ્રેલિયા-ઈન્ડિયા એન્યુઅલ લીડર્સ સમિટ માટે મેલબોર્નમાં મળશે.

એએફપીના અહેવાલ મુજબ, મોદીની મેલબોર્ન મુલાકાત દરમિયાન 'ઓસ્ટ્રેલિયામાં ભારતીય ઈમિગ્રેશન વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન માર્વેલ સ્ટેડિયમ ખાતે યોજાનારા 'મેલબોર્ન મીટ્સ મોદી' સમુદાયના કાર્યક્રમના સમયે જ થવાની અપેક્ષા છે, જ્યાં પીએમ મોદીનું સ્વાગત કરવા માટે ઓસ્ટ્રેલિયાના ભારતીય ડાયસ્પોરાના હજારો સભ્યો એકઠા થવાની અપેક્ષા છે.

આ એક ઈમિગ્રેશન વિરોધી જૂથ છે જેણે અગાઉ પણ ભારતીય સ્થળાંતર કરનારાઓને નિશાન બનાવ્યા છે.

# મોદી અને ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિએ વગાડી 'કુછ કુછ હોતા હૈ'ની ધૂન!

ઇન્ડોનેશિયાએ પીએમ મોદીને આપ્યું પરંપરાગત વાદ્ય 'અંક્લુંગ'



જકાર્તા, તા. 8 વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મંગળવારે તેમની જકાર્તાની સત્તાવાર મુલાકાત દરમિયાન ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો તરફથી એક સંગીતમય ભેટ મળી હતી, જેમાં બંને નેતાઓએ પરંપરાગત જાવાનીઝ વાદ્ય પર 'કુછ કુછ હોતા હૈ'ની ધૂન વગાડી હતી. ઇન્ડોનેશિયાના કેબિનેટ સચિવ ટેડી ઇન્દ્રા વિજયાના લેખિત નિવેદન અનુસાર, આ અંક્લુંગ ભેટ ઇન્ડોનેશિયાની સાંસ્કૃતિક રાજદ્વારીનો એક ભાગ હતી. કેબિનેટ સચિવે જણાવ્યું હતું કે, "બેઠક દરમિયાન રાષ્ટ્રપતિ પ્રબોવોએ પીએમ નરેન્દ્ર મોદીને અંક્લુંગ સેટના રૂપમાં એક રાજદ્વારી ભેટ અર્પણ કરી હતી. પશ્ચિમ જાવાનું આ પરંપરાગત સંગીત વાદ્ય અંક્લુંગ, મિત્રતા અને ઇન્ડોનેશિયાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે."